# એક અનુપમ ફિલ્મ ‘અનુપમા’

**૧૯૬૬માં તેમણે ‘અનુપમા’ બનાવેલી. અનુપમાનું મુખ્ય પાત્ર ઉમા (શર્મિલા ટાગોર) છે અને તે એવું પાત્ર છે કે તેને આલેખવા બેદી સાહેબ જ હોવા જોઈએ. મનની બહુ સૂક્ષ્મભાત ઉકેલવાની હતી.ઉમા એક એવી યુવતી છે કે તેના જન્મ સાથે જ તેની મા મૃત્યુ પામી છે. વાંક તેનો નહોતો પણ આમ થવું તેના માટે જાણે જીવનભરનો ઓથાર બની ગયો.**

બકુલ ટેલર . aarpar@gmail.com

૧૯૬૬માં તેમણે ‘અનુપમા’ બનાવેલી. અનુપમાનું મુખ્ય પાત્ર ઉમા (શર્મિલા ટાગોર) છે અને તે એવું પાત્ર છે કે તેને આલેખવા બેદી સાહેબ જ હોવા જોઈએ. મનની બહુ સૂક્ષ્મભાત ઉકેલવાની હતી.ઉમા એક એવી યુવતી છે કે તેના જન્મ સાથે જ તેની મા મૃત્યુ પામી છે. વાંક તેનો નહોતો પણ આમ થવું તેના માટે જાણે જીવનભરનો ઓથાર બની ગયો.ઋષિકેશ મુખર્જીએ આપણી આસપાસમાં વસતા સામાન્ય કુટુંબો અને તેમના જીવનમાંથી જ કશુંક અપૂર્વ શોધવાનો પ્રયાસ કર્યો. ૧૯૫૭થી ૧૯૯૮ સુધીમાં તેમણે કુલ ૪૨ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું. ઋષિદા ક્યારેય ગોલ્ડન જ્યુબિલી, ડાયમંડ જ્યુબિલીની લાલચમાં કામ નહોતા કરતા. તેમની ફિલ્મો બસ એટલું જરૂર કમાતી કે ઋષિદાને બીજી ફિલ્મ માટે નિર્માતા મળી રહે. તેઓ બિમલરોયના શિષ્ય હતા અને હંમેશ રહ્યા. સૂક્ષ્મ સંવેદના અને જીવનને જોવાનો કાવ્યાત્મક અભિગમ તેમના મુખ્ય પાત્રોને ઘડનારાં તત્ત્વો હતાં. સ્ત્રીપાત્રોનું મહત્ત્વ હંમેશ તેમની ફિલ્મોમાં જોવા મળતું હતું. આ સ્ત્રીપાત્રો દેખાવમાં પણ એવાં હોય કે તેમને આધુનિક મેકઅપની જરૂર ન પડે. વસ્ત્રો પણ સાદાં અને સરળ. આ એક ઋષિદાની વિશેષતા હતી. તેઓ મનનાં ઊંડાણોને તાગવા પ્રયત્ન કરતા અને તેમાંથી જુદાં જ પાત્રો સર્જાતાં. ૧૯૬૬માં તેમણે ‘અનુપમા’ બનાવેલી. વાર્તાના મુદ્દા ચર્ચતા અને તેના પરથી પટકથા લખાવતા. તેમની ફિલ્મોના ડાયલોગ લેખક તરીકે રાજેન્દ્ર સિંહ બેદી મુસાફિર, અનુરાધા, મેમ દીદી, બીવી ઔર મકાન, સત્યકામ, ફિર કબ મિલોગી અને આ અનુપમામાં હાજર છે. અનુપમાનું મુખ્ય પાત્ર ઉમા (શર્મિલા ટાગોર) છે અને તે એવું પાત્ર છે કે તેને આલેખવા બેદી સાહેબ જ હોવા જોઈએ. અહીં પટકથામાં મનની બહુ સૂક્ષ્મભાત ઉકેલવાની હતી.




ઉમા એક એવી યુવતી છે કે તેના જન્મ સાથે જ તેની મા મૃત્યુ પામી છે. વાંક તેનો નહોતો પણ આમ થવું તેના માટે જાણે જીવનભરનો ઓથાર બની ગયો. તેના પિતા મોહન શર્મા (તરુણ બોઝ) એ વાત કદી ભૂલ્યા નહી કે આ છોકરીના પેદા થવાના કારણે જ પોતે (મોહન શર્માએ) પત્ની અરુણા ( સુરેખા પંડિત) ગુમાવી છે. તેઓ વૈભવમાં જીવતા વ્યવસાયી હતા અને ચાળીસમા વર્ષે પરણેલા. પરણ્યા પછી તેમને જીવનમાં સ્ત્રી શું છે, સ્ત્રીનો પ્રેમ શું છે તે અરુણા વડે સમજાયું છે. સમજો કે શર્માની જિંદગીને અરુણાએ સહજ અને ઊંડા પ્રેમથી છલકાવી દીધી છે. ઓફિસે જાય તો પણ મન તો અરુણામાં જ રહે. ઘરે અરુણાય તેની પ્રતીક્ષામાં ગાતી હોયઃ ધીરે ધીરે મચલ એ દિલ-એ-બેકરાર કોઈ આતા હૈ યુ તડપ કે ન તડપા મુઝે બાર-બાર, કોઈ આતા હૈ... તેનું અંતર અંતરામાં ગાય છે, ઉસકે દામન કી ખુશ્બૂ હવાઓ મેં હૈ ઉસ કો કદમો કી આહટ ફઝાઓ મેં હૈ મુઝકો કરને દે, કરને દે સોલહ સિંગાર કોઈ આતા હૈ જેનું આગમન પત્નીના હૃદયનું ગીત બનતું હોય એવા આ પતિને પત્નીના મૃત્યુનો આઘાત એવો લાગી ગયો કે એ મૃત્યુ સાથે જોડાયેલી દીકરીને તેઓ માફ જ ન કરી શકયા. ઉમા અંતર્મુખી બની ગઈ. પિતાના એક અવાજથી ફફડી ઊઠે. તે વાચા વિનાની બની ગઈ. લખે ત્યારે ખૂબ લખે પણ બોલવાનું હોય તો ધ્રુજી ઉઠે. કોઈ સાથે આંખ પણ મેળવે નહિ. ખુલ્લી પ્રકૃતિ, ફૂલો વચ્ચે એકલી ફરતી હોય ત્યારે તે જરૂર સ્વાભાવિક બને.

આખા ઘરમાં એક તેના પિતા છે, બીજી છે ઘરના બધા કામો સંભાળતી અને ઘરને જાણનારી સરલા (દુલારી ) અને ત્રીજી પોતે. ઉમા નાની હતી ત્યારે સરલા જો તેને ખોળામાં લઈ મોહન શર્મા સામે દેખાતી તો તે આ ખોળામાંની દીકરીનો પિતા છે તોય ધિક્કારથી કહે, સરલા, કયું તુમ ઈસે મેરે સામને લાતી હો. ક્યા દુનિયા મેં કોઈ જગહ નહી ઈસકે વાસ્તે ?? દીકરીને નફરતથી જોતો પિતા મોડે સુધી ઓફિસમાં કામ કરતો. દારૂ પીધો હોય ત્યારે ખૂબ રમકડાં ખરીદી લાવે અને સૂઈ ગયેલી દીકરી પર વાત્સલ્ય વરસાવે. નશો પૂરો એટલે વાત્સલ્ય પૂરું.એક વાર ઉમા પિયાનો વગાડતી હતી. ઓફિસથી ઘરમાં પ્રવેશતાં મોહન શર્મા પિયાનોનાં સૂરથી પ્રસન્ન થયા કારણ કે ક્યારેક પત્ની તે વગાડતી હતી, તેનું સ્મરણ જોડાઈ ગયું. ઉમાને વગાડતી જોઈ ત્યારે જ અરુણાની તસવીર જોવાઈ ગઈ. બસ, ગુસ્સો આવી ગયો કે જે પિયાનો મારી પત્ની વગાડતી તે આ કેમ વગાડે છે ? તૂને કયું ઈસે હાથ લગાયા ? ચલી જા, યહાં સે

પણ, આ પ્રકારના મનોભાવને કારણે મોહન શર્માને એટેક આવી ગયો. ડોક્ટર અને મિત્રોએ સલાહ આપી કે થોડા દિવસ મહાબલેશ્વર જઈને રહે. એ જ વેળા સંજોગ એવાય બન્યા છે કે વિદેશ ભણવા ગયેલો મિત્રનો પુત્ર અરુણ ( દેવેન વર્મા ) આવ્યો છે. તેની સાથે ઉમાના લગ્નનું મોહન શર્માએ વિચાર્યું છે. પેલા અરુણનો એક મિત્ર છે અશોક ( ધર્મેન્દ્ર ) જે કવિ છે, નવલકથા લખે છે. એ કોલેજમાં અધ્યાપક હતો પણ સામે ચાલીને સ્કૂલનો શિક્ષક બન્યો છે. તેની દલીલ એ છે કે કોલેજમાં ભણાવવાનું સાવ ઓછું ને પગાર મોટો ? તેના કરતાં જયાં ભણાવવાનું વધુ છે ત્યાં કેમ ન ભણાવું ? પૈસાનું તેને મન બહુ મૂલ્ય નથી. ખૂબ જ સંવેદનશીલ છે અને કેટલાક આદર્શ જીવન જીવવામાં માને છે.



**આ ફિલ્મથી ઋષિદા માટે શર્મિલા કાયમી અભિનેત્રી બની ગયેલી અને જ્યારે પણ તક મળી ત્યારે શર્મિલા તેમની હીરોઈન બની છે. ધર્મેન્દ્ર હંમેશ સાથે રહ્યા છે. બિમલરોયે બે પંજાબીને બંગાળી બનાવ્યા. એક ધર્મેન્દ્ર, બીજા ગુલઝાર.**

સંજોગ એવા બને છે કે પિતા અને પિતાના મિત્રો સાથે ઉમા મહાબલેશ્વર ગઈ ત્યારે વિદેશથી આવેલો અરુણ પણ ત્યાં પહોંચે એવું ગોઠવાયું છે. અરુણ મહાબલેશ્વર જાય છે તો સાથે અશોક અને તેની માતા (દુર્ગાખોટે) અને બહેન ગૌરી (નયના)ને પણ લઈ જાય છે. અશોક સવારે ઊઠી પ્રકૃતિના સાંન્નિધ્યે ફરવાની વૃત્તિનો છે. ઉમા પણ એવી જ છે. વહેલા ઊઠી મહાબલેશ્વરનાં ખુલ્લા અને ફૂલ-વનસ્પતિભર્યા પહાડોમાં ચાલવા નીકળી છે અને તેનું અંતર ગાઈ રહ્યું છે : કુછ દિલને કહા, કુછ ભી નહીં / કુછ દિલને સૂના, કુછ ભી નહીં / ઐસે ભી બાતેં હોતી હૈ... ઐસે ભી બાતે હોતી હૈ પ્રકૃતિ સાથેની વાતચીતનું તેનું આ ગીત અશોક સાંભળી રહ્યો છે. અને તેના હૃદયના તાર ઉમાના દિલ સાથે જોડાઈ જાય છે. ઉમા ફૂલો લઈને આવી છે અને અશોક તે માંગી લે છે. ગીત અને ફૂલોથી બેઉનો સંબંધ જોડાવો શરૂ થાય છે. ઉમાનાં હૃદયમાં અશોક માટે એક કુંપળ ફૂટે છે. ઉમાને થાય છે કે કોઈ મારી દરકાર કરે છે. આ જગતમાં ઉમા બહુ બોલે નહીં તેનોય અશોકને વાંધો નથી, આપ કો બોલને કી કયા જરૂરત હૈ... આપકી આંખે હૈનઃ અશોક કહે છે. ઉમાના સૌંદર્યનો એક પુરુષ વડે આ સ્વીકાર છે, જે તેનામાં પ્રેમ ઉપરાંત આત્મબળ જગાડવા માંડે છે.

ફિલ્મમાં અનિતા (શશીકલા)નુંય પાત્ર છે. જે બહુ બોલકી છે. તે તેના પિતાજી (બ્રસી ભારદ્વાજ)ને ખૂબ લાડ કરે છે. ઉમા માટે આ પિતા-પુત્રી સંબંધ કલ્પના બહારનો છે. મહાબલેશ્વરથી આવ્યા પછી આ અનિતાનો જન્મદિવસ ઉજવવાનો છે. તેમાં અશોકને આમંત્રણ છે પણ એ જ દિવસે ઉમાનોય જન્મદિવસ છે એવું જાણ્યા પછી અશોક ઉમા પાસે જાય છે. ઉમા એકલી છે અશોક પૂછે ત્યારે તે કહે છે કે કેવી રીતે ઉજવું જન્મદિવસ ? એ દિવસે તો મારી માને છીનવી લીધેલી. અશોક કહે છેઃ ક્યોં ઉસકે લિયે અપને આપકો દોષી માન રહી હો? અશોકની લાગણી ઉમાના ઘાયલ મનમાં સારવારનું કામ કરવા માંડી છે. ઉમા સાથે સમય વીતાવ્યા પછી અશોક જન્મદિનની પાર્ટીમાં જાય છે. બધાના આગ્રહથી તે ગીત ગાય છે જે ખરેખર તો, ઉમાને જ હૃદયમાં રાખી મનમાં ઉતરી આવ્યું છે, યા દિલ કી સૂનો દુનિયાવાલોં યા મુઝકો અભી ચૂપ રહેને દો... ઉમા પ્રત્યેનું સંવેદન તેની કવિતામાં પંક્તિ બને છે. યે ફૂલ ચમન મેં કૈસા ખિલા/ માલી કી નજર મે પ્યાર નહીં / હંસતે હુએ ક્યા ક્યા દેખ લિયા / ચીબ બહતે હે આંસુ બહને દો... ઉમાના પાત્રને કેન્દ્રમાં રાખી અશોક એક નવલકથા લખવા માંડે છે જેનું નામ 'અનુપમા' છે, એ નવલકથાના પ્રકરણમાં તેણે જે લખ્યું છે તે ઉમાનેય સંભળાવે છે. વો જાનતી થી રૂકાવટ બહાર નહીં ઉસકે અંદર હૈ... ઉમાને સમજાય છે કે વાત તો સાચી છે.

પણ, આ પ્રેમસંબંધ લગ્નમાં પરિણમવો થોડો મુશ્કેલ છે. ઉમાના પિતા તો અરુણને જ જમાઈ તરીકે ઈચ્છે છે પણ અરુણ અનિતાના પ્રેમમાં હોવાથી ઈન્કાર કરે છે. અશોકની હાલત તો એ થઈ છે કે તેણે નવી નોકરીય શોધવી પડે તેમ છે. અરુણ અશોકની નોકરીની સિફારસ ઉમાના પિતાને કરી આવ્યો છે પણ અશોક એ નોકરી લેવા તૈયાર નથી. ઉમાના પિતા બહાર આવે છે, સાથે તેની ખુદ્દારી અને આદર્શ દલીલ બનીને, આપ ગરીબોં કે પાસ સિર્ફ પૈસા હૈ ઔર કુછ નહીં. આપ અપની તરફ દેખીયે. આપ બેટી કી તરફ દેખીયે ઉમાના પિતા પર આ પ્રથમ પ્રહાર છે. ખેર, ઉમા સાથે અરુણ નથી પરણવાનો તે સંજોગોમાં બીજા સાથે લગ્ન મોહન શર્મા ગોઠવે છે. ઉમામાં હજુ પ્રતિકાર શક્તિ નથી જાગી પણ પેલી અનિતા જાણી ચૂકી છે કે ઉમા -અશોક એકબીજાના પ્રેમમાં છે. તે હવે ઉમાની સપોર્ટર બની ગઈ છે. ઉમા અનુપમા તરીકે નવલકથામાં આલેખાઈ ચૂકી છે. અશોક ઉમાને કહી ચૂક્યો છે કે, અગર મેરી કલ્પના ઔર આપકા જીવન એક હો જાયે તો સમજુંગા મેરી મહેનત સફલ હુઈ. આ બધું ઉમાના અસ્તિત્વને જગાડી રહ્યું છે. તે પેલા નક્કી કરાયેલા લગ્નનો પ્રતિકાર કરવા તત્પર બને છે. અનિતાને થાય છે કે ઉમા-અશોકનો પ્રેમ ત્યારે જ બચશે જો ઉમા હિંમત દાખવશે. ઉમા શરૂમાં તો હિંમત નથી દાખવતી પણ પછી તે તૈયાર થઈ જાય છે. સીધી તેના પિતાજી પાસે જઈ પગોમાં ઝૂકી આશીર્વાદ માંગતા દ્રઢતાથી બોલી દે છે, મૈં ઈસ ઘર કો સદા કે લિયે છોડ રહી હૂં તે પહેલી વાર જાણે બધું બોલવા લાગે છે, ઈસ ઘરમેં આકે મૈંને આપકી સબસે પ્યારી ચીજ છીન લી. મેરી માને કૈસી જગહ બનાઈથી આપકે દિલ મેં કી મુઝે દેખતે હી આપકો ઉનકી યાદ આ જાતી હૈ ઔર ઈસી લિયે આપને કભી મુઝે માફ નહીં કિયા. આટલું કહી અશોક તરફ જઈ રહેલી ઉમા ઉમેરે છે, આજ મુઝે આશીર્વાદ દિજીએ.મૈં ભી કિસી સે મન મેં ઐસી જગા બના સકું જો માને આપકે મનમેં બનાઈ થી ને તે જતાં જતાં કહી જાય છે. આપ જબ ભી બુલાઓંગે મૈં ચલી આઉંગી એક દીકરી તેના બાપને આ કહે છે. અશોકને ઘરે જાય ત્યારે તે તો ગામ જવા રેલવે સ્ટેશન પહોંચ્યો છે. ઉમા ત્યાં દોડી જાય છે. અને છેલ્લી ઘડીએ અશોકના સફરની યાત્રી બની જાય છે. તે જુએ છે કે સ્ટેશન પર તેના પિતાજી પણ આવી ઊભા છે, આંખમાં આંસુ સાથે.

શર્મિલા ટાગોરે ઉમાના આ પાત્રને દરેક દશ્યમાં અદ્ભુત સંયમ અને સંવેદનથી સાકાર કર્યું છે. દબાયેલી, આત્મવિશ્વાસ ગુમાવી ચુકેલી, સતત ફફડાટ અનુભવી ઉમાનાં પાત્રને શર્મિલા ટાગોરે લેખક અને દિગ્દર્શકનાં ખ્યાલમાં ઊંડા ઉતરી નિભાવ્યું છે. આખી ફિલ્મમાં તે ક્યારેક જ હસે છે પણ તેનાં હોઠ પર જરાક સ્મિત આવે તો જાણે આખો પડદો જાગી ઊઠે છે. ધર્મેન્દ્ર હીરો જરૂર છે પણ વાર્તાની જરૂરિયાત પ્રમાણે તે શર્મિલાના સહાયક તરીકે જ રહે છે. આ ફિલ્મથી ઋષિદા માટે શર્મિલા કાયમી અભિનેત્રી બની ગયેલી અને જ્યારે પણ તક મળી ત્યારે શર્મિલા તેમની હીરોઈન બની છે. ધર્મેન્દ્ર તો અલબત્ત હંમેશ સાથે રહ્યા છે. બિમલરોયે બે પંજાબીને બંગાળી બનાવ્યા. એક ધર્મેન્દ્ર, બીજા ગુલઝાર. આ બંને ઋષિદાની સાથે સતત રહ્યા છે. અનુપમાની શર્મિલા ફરી ફરી જોવા જેવી છે.